વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.




શાસનનાયક અંતિમ તીર્થાધિનાથ શ્રી મહાવીરપ્રભુના નિર્વાણકલ્યાણકના પાવન પ્રસંગે તેમના ચરણોમાં વંદન કરી, મંગલમય સુપ્રભાતની પ્રાપ્તિ કરી, અનંત કાળથી ચાલ્યા આવતા જન્મ-મરણની શ્રૃંખલાનો વ્યવચ્છેદ કરવાની મંગલમય ભાવના સાથે સ્વાનુભૂતિપ્રકાશ પરિવાર સર્વ પાઠકવર્ગને શુભકામના પ્રેષિત કરે છે.



## પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની જન્મજયંતી (કાર્તિક પૂર્ણિમા)ના મંગલ અવસર પર તેમના ચરણોમાં કોટિ કોટિ વંદન!!!


## ઉક્ત મંગલ પ્રસંગની ખુશાલીમાં....




**'રાજહૃદય' ભાગ ૧-૨**

('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)

જિજ્ઞાસુને ટ્રસ્ટ દ્વારા ભેંટ મોકલવામાં આવશે.




- સંપર્ક -


**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ**

શ્રી નીરવ વોરા મો : ૯૮૨૫૦ ૫૨૯૧૩

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૯ : અંક–૩૧૧, વર્ષ–૨૫, નવેમ્બર–૨૦૨૩


**છાશીયા ગામમાં વીર સં. ૨૪૭૫ ફાગણ વદ ૬ ના રોજ**
**શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતમાંથી પત્રાંક - ૧૭૨ પર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન**



## જ્ઞાનીને શું સંમત છે?

### પત્રાંશ -૧૭૨

અનંત કાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ રહી ગઈ છે ; આ એક અવાચ્ય, અદ્ભુત વિચારણાનું સ્થળ છે. જ્યાં મતિની ગતિ નથી, ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય?

નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો; સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું; સત્પુરુષોનાં ચરિત્રોનું સ્મરણ કરવું; સત્પુરુષોનાં લક્ષણનું ચિંતન કરવું ; સત્પુરુષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું; તેનાં મન,વચન,કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં; તેઓએ સમ્મત કરેલું સર્વ સમ્મત કરવું.

આ જ્ઞાનીઓએ હૃદયમાં રાખેલું. નિર્વાણને અર્થે માન્ય રાખવા યોગ્ય, શ્રદ્ધવા યોગ્ય, ફરી ફરી ચિંતવવા યોગ્ય, ક્ષણે ક્ષણે, સમયે સમયે તેમાં લીન થવા યોગ્ય, પરમ રહસ્ય છે. અને એ જ સર્વ શાસ્ત્રનો, સર્વ સંતના હૃદયનો, ઈશ્વરના ઘરનો મર્મ પામવાનો મહા માર્ગ છે. અને એ સઘળાનું કારણ કોઈ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ, અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા એ છે.

અધિક શું લખવું? આજે, ગમે તો કાલે, ગમે તો લાખ વર્ષે અને ગમે તો તેથી મોડે અથવા વહેલે, એ જ સૂઝ્યે, એ જ પ્રાપ્ત થયે છૂટકો છે. સર્વ પ્રદેશે મને તો એ જ સમ્મત છે.



આ શ્રીમદ્ રાજચંદ્રનો એક પત્ર વંચાય છે. તેમાં તેઓ લખે છે કે જ્ઞાનીઓએ સંમત કરેલું સર્વ સંમત કરવું. જ્ઞાનીઓને શું સંમત છે? આત્મસ્વભાવમાં અભેદદૃષ્ટિ તે જ સર્વે જ્ઞાનીઓને સંમત છે. એ સિવાય કોઈ રાગથી ધર્મ થાય કે શરીરની ક્રિયા આત્મા કરે એ વાત કોઈ જ્ઞાનીને સંમત નથી.

**‘અનંતકાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ રહી ગઈ છે.’** શ્રીમદ્નું ૨૩ માં વર્ષે આ લખાણ છે. આત્મા અનંતકાળથી છે, આ શરીરથીનો સંબંધ નવો થાય છે, પણ આત્મા નવો થતો નથી. આત્મા પોતે કોણ છે? તેની તેને

અનંતકાળથી ખબર નથી. હું કોણ છું? ને મારું સ્વરૂપ શું છે?– તે વિષે જ ભ્રાંતિ રહી ગઈ છે. મારું સુખ જાણે કે બહારમાં હોય! એમ માને છે, એટલે પોતાને જ વિષે ભ્રાંતિ છે. દેવ–ગુરુ–શાસ્ત્રને વિષે ભ્રાંતિ રહી ગઈ છે – એમ ન કહ્યું, કેમ કે સાચા દેવ–ગુરુ–શાસ્ત્રને તો માન્યા, પણ પોતાના આત્મા વિષે ભ્રાંતિ કદી ટાળી નથી. પરને વિષે ભ્રાંતિ રહી ગઈ છે. એમ ન કહ્યું, પણ સ્વકોણ તે વિષે ભ્રાંતિ રહી ગઈ છે. આત્માને ભૂલીને પરથી લાભ માની રહ્યો છે, એટલે ઉપાદાનસ્વભાવમાં ભ્રાંતિ રહી ગઈ છે, પણ નિમિત્તમાં ભૂલ રહી ગઈ છે–એમ નથી. બીજી રીતે કહીએ તો વ્યવહાર સંબંધમાં ભૂલ તો ટાળી, પણ આત્માનો સ્વભાવ શું તે જાણ્યો નહિ એટલે નિશ્ચય સંબંધી ભૂલ કદી ટાળી નથી. દેવ–ગુરુ–શાસ્ત્રની કૃપા થઈ જાય તો મારા આત્માનું કલ્યાણ થઈ જાય – એમ માને છે તે પોતાના સ્વરૂપમાં ભ્રાંતિ છે. પુણ્યને આત્માનું સ્વરૂપ માને તો તે પણ આત્મા વિષે ભ્રાંતિ છે. જીવે અનંત કાળમાં બીજું બધું કર્યું છે. પણ આત્માનો સ્વભાવ શું – તે વિષે ભ્રાંતિ કદી ટાળી નથી. પોતા વિષે ભ્રાંતિ રહી ગઈ છે. પોતે એટલે કોણ? વિકારવાળો પોતાને માન્યો તે પણ ભ્રાંતિ છે. આત્મા ક્ષણિક વિકાર જેટલો નથી, વિકારરહિત તેનો સ્વભાવ છે, તે સ્વભાવમાં ભ્રાંતિ રહી ગઈ છે. જીવે શુભભાવ અનંતવાર કર્યા છે, પણ ભ્રાંતિરહિત થઈને શુદ્ધાત્માને કદી જાણ્યો નથી.

**'આ એક અવાચ્ય, અદ્ભુત વિચારણાનું સ્થળ છે.'** વાણીથી ન કહી શકાય એવું અદ્ભુત વિચારણાનું આ સ્થળ છે. અહીં આત્મસ્વભાવના વિચારની અપૂર્વતા બતાવે છે. એવું શું બાકી રહી ગયું કે અનંત અનંતકાળ ગયો છતાં ભ્રાંતિ ટળી નહિ. અનંતકાળમાં ત્યાગ, વ્રત વગેરે કર્યું, પણ આત્મસ્વભાવની વિચારણાનું સ્થળ બાકી રહી ગયું છે. પોતાને વિષે શું ભ્રાંતિ રહી ગઈ? તે એક અદ્ભુત વિચારણાનું સ્થળ છે. બીજા બધા વિચારોમાં ડહાપણ કર્યું છે, પણ આત્માની યથાર્થ વિચારણા કદી નથી કરી. પહેલાં આત્મસ્વભાવની વાત કરીને પછી તેનું નિમિત્ત પણ બતાવશે. અનંતકાળની ભ્રાંતિ કેમ ટળે, તેનો ઉપાય બતાવશે.

**'જ્યાં મતિની ગતિ નથી ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય?'** અહીં મતિ એટલે પર તરફ વળતું જ્ઞાન. પર તરફના વિકલ્પ દ્વારા પણ જે આત્માને પહોંચાતુ નથી તે આત્માને વાણીથી તો કેમ કહી શકાય? મતિ એટલે પર તરફના જ્ઞાનનો ઉઘાડ, અથવા પર તરફના વલણવાળું જ્ઞાન – એમ અહીં અર્થ સમજવો. સમ્યક્ મતિજ્ઞાન વડે તો આત્મા જણાય છે, પણ પર તરફ વલણવાળા જ્ઞાનના ઉઘાડ વડે આત્મા જણાતો નથી.

આમ પહેલાં તો ઉપાદાનસ્વભાવ તરફની વાત કરી, હવે અનંતકાળથી રહી ગયેલી તે ભ્રાંતિ ટાળવા માટે અને અંતરસ્વભાવમાં વળવા માટે શું કરવું તે કહે છે.

**'નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો.'** 'નિરંતર' કહ્યું છે. જેમ બદામમાંથી તેલ કાઢવું હોય તો તેને સળંગપણે ઘસવી જોઈએ; થોડાક લીસોટા મારીને પાછો વચ્ચે થોડીવાર બીજા કામમાં રોકાય, ને વળી પાછો લીસોટો મારે, – એમ કટકે કટકે ઘસે તો તેલ ન નીકળે. પણ વચ્ચે અંતર પડ્યા વગર ઘસે તો તેલ નીકળે. તેમ અહીં નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવાનું કહ્યું છે. પર પ્રત્યેની રુચિ કંઈક ઘટે તો અંતરના વિચાર તરફ વળે ને? આ વાત નાસ્તિ થી કરી છે. પર પ્રત્યે વૈરાગ્ય દશા લાવીને અંતરની વિચારણામાં નિરંતર રોકાવું જોઈએ. અહીં નિરંતર પર પ્રત્યે ઉદાસીનતા સેવવાનું કહ્યું; તો શું ખાવું–પીવું કંઈ ન કરવું? તેમ કોઈ પૂછે તો કહે છે, કે – જેમ વેપારનો લોલુપી સૂતો હોય કે ખાતો હોય, પણ સાથે તેની તેને વેપારની લોલુપતાનો ભાવ તો પડ્યો જ છે. તેમ ધર્મની રુચિવાળાને ઊંઘમાં પણ પર પ્રત્યેની ઉદાસીનતા ખસે નહી; ધર્મની રુચિવાળો ઉદાસીનતાના ક્રમમાં આંતરો પડવા દેતો નથી. ખાવું–પીવું કે વેપાર વગેરેનો રાગ વર્તતો હોવા છતાં અંતરની રુચિમાં તે પ્રત્યેની ઉદાસીનતા અક ક્ષણ પણ ખસતી નથી.

વળી ભ્રાંતિ ટાળવાનું નિમિત્ત ઓળખાવે છે, કે **'સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું .'** પહેલા સત્પુરુષ કોણ તે ઓળખવા જોઈએ, ઓળખવાની જવાબદારી

પોતાની છે. સત્પુરુષ કોને કહેવાય તે જાણવાનો પોતાનો ભાવ છે. બે પૈસાની તાવડી લેવા જાય ત્યાં પણ ટકોરો મારીને પરીક્ષા કરે છે. તો અનંતકાળની ભ્રાંતિ ટાળીને આત્માનું કલ્યાણ પ્રગટ કરવા માટે સત્પુરુષની પરીક્ષા કરીને ઓળખવા જોઈએ. સત્ એટલે આત્મસ્વભાવ, તેની જેને ઓળખાણ થઈ છે તે સત્પુરુષ છે. સંસાર પ્રત્યે નિરંતર ઉદાસ થવું અને સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું – એમ બે વાત કરી.

વળી વિશેષ કહે છેઃ **‘સત્પુરુષોનાં ચરિત્રોનું સ્મરણ કરવું.’** પહેલાં જેનું જ્ઞાન કર્યું હોય તેનું સ્મરણ કરી શકે. સત્પુરુષનું ચરિત્ર કોને કહેવાય તેના જ્ઞાન વિના તેનું સ્મરણ કઈ રીતે કરી શકે? સત્પુરુષનું ચરિત્ર ક્યાં રહેતું હશે? કોઈ બહારની ક્રિયામાં કે શુભાશુભ રાગમાં સત્પુરુષોનું ચરિત્ર નથી. બહારમાં ફેરફાર ન દેખાય પણ ધર્મીને અંતરની દશામાં રુચિનું વલણ સ્વભાવ તરફ વળી ગયું છે. જેમ નાના હીરાની કિંમત લાખોની હોય, તે ઝવેરી જ જાણે, તેમ આત્માનું ચરિત્ર અંતર્દષ્ટિથી જ ઓળખાય. ધર્મી આત્માનું ચરિત્ર શું? તે શરીરની દશામાં કે વસ્ત્રમાં નથી, આહાર–શુદ્ધિમાં કે વસ્ત્રના ત્યાગમાં પણ ચરિત્ર નથી; – એ તો બધું અજ્ઞાનીને પણ હોય છે. સત્પુરુષને અંતરમાં શું ફેર પડ્યો છે તે જાણ્યા વિના તેમના ચરિત્રનું જ્ઞાન થાય નહીં. સત્પુરુષનું અંતરનું ચરિત્ર શું? ‘અમુક ગામમાં રહેતા હતા ને ઝવેરાતનો વેપાર કરતા હતા, જિજ્ઞાસુઓને પત્ર લખતા હતા કે ઉપદેશ દેતા હતા’ – એમાં શું સત્પુરુષનું ચરિત્ર છે? એ તો બધી બાહ્ય વસ્તુ છે, તેમાં સત્પુરુષનું ચરિત્ર નથી. પણ અંતરના સ્વભાવને જાણીને ત્યાં ઠર્યા છે અને રાગાદિ ભાવોની રુચિ ટળી ગઈ છે, તે જ સત્પુરુષોનું ચરિત્ર છે; તેને ઓળખે તો તેનું ખરું સ્મરણ થાય.

વળી કહે છે કે **‘સત્પુરુષોનાં લક્ષણોનું ચિંતન કરવું.’** ‘આવી ભાષા હતી અને આવું શરીર હતું’ – એમ શરીરના લક્ષણથી સત્પુરુષ ઓળખાય નહિ. અંતર્સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તે સત્પુરુષનું લક્ષણ છે. બહારમાં ત્યાગ થયો કે શુભરાગ થયો તે સત્પુરુષનું ખરું લક્ષણ નથી. શરીર દેખાય છે તે દેવ–ગુરુ નથી, તે તો જડ છે; દેવ કે ગુરુ તો આત્મા છે, અને અંતરમાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર સ્વરૂપ છે, તે જ તેનું લક્ષણ છે. તે લક્ષણ વડે સત્પુરુષને ઓળખે તો પોતાનો આત્મા તેવો થાય.

લક્ષણ તેને કહેવાય કે જે વડે લક્ષ્યને ઓળખાય. સત્પુરુષમાં એવું શું લક્ષણ છે કે જે બીજામાં ન હોય ને તેનામાં જ હોય? સત્પુરુષની અંતરની શ્રદ્ધા – જ્ઞાન તે તેનું લક્ષણ છે; રાગાદિ થાય તે તેનું લક્ષણ નથી. – એમ લક્ષણ વડે સત્પુરુષને ઓળખીને તેનું ચિંતવન કરવું.

આ પ્રમાણે અંતરની વાત કરીને હવે બહારની વાત L$¡R **‘સત્પુરુષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું. તેનાં મન–વચન–કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં.’** શરીર–મન–વાણીની ક્રિયા તો જડ છે પણ તેની પાછળ અનાકુળ સ્વભાવની શ્રદ્ધા–જ્ઞાન છે તેનું અદ્‌ભુત રહસ્ય છે. મન–વચન–કાયાની જે પ્રવૃત્તિ થાય છે તેનું કર્તાપણું જ્ઞાનીને ઊડી ગયું છે, તેને તેમાં કદી સુખબુદ્ધિ થતી નથી અને ભેદજ્ઞાન ક્યારેય ખસતું નથી. આવું જ્ઞાનીનું અદ્‌ભુત રહસ્ય છે, તે વારંવાર વિચારવા યોગ્ય છે. સત્પુરુષની મુખાકૃતિનું હૃદયથી અવલોકન અને વારંવાર તેમના સમાગમની ભાવનામાં પોતાને સત્ સમજવાની રુચિ છે.

હવે કહે છે કે **‘તેઓએ સંમત કરેલું સર્વ સંમત કરવું.’** જ્ઞાનીઓએ શું સંમત કર્યું છે? આત્માના સ્વાશ્રય સિવાય ત્રણકાળમાં ધર્મ નથી, એટલે સ્વાશ્રયભાવ તે જ જ્ઞાનીને સંમત છે. દેવ–ગુરુ–શાસ્ત્રનો આશ્રય કરવો તે જ્ઞાનીને સંમત નથી. આત્માનો રાગ–રહિત જ્ઞાતા સ્વભાવ છે તેની રુચિ, તેની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેનો આશ્રય કરવો તે જ જ્ઞાનીને સંમત છે. આ પ્રમાણે ઓળખીને તેઓએ સંમત કરેલું સર્વ સંમત કરવું. શુભ કે અશુભ કોઈ પણ પરાશ્રિત ભાવથી આત્માને ધર્મ થાય – એવી માન્યતા જ્ઞાનીઓને સંમત નથી. આત્માને જે ભાવથી નુકસાન થાય તે એક પણ ભાવ જ્ઞાનીને સંમત થાય નહીં. જ્ઞાનીને આત્માનો વિકારરહિત સ્વભાવ જ સંમત છે. એક જ્ઞાની એક માર્ગ બતાવે અને બીજા જ્ઞાની બીજો માર્ગ બતાવે – એમ કદી

બને નહિ, સર્વે સત્પુરુષોનો એક જ માર્ગ છે. આત્મસ્વભાવને ઓળખીને તેનો આશ્રય કરવો – એ જ મુક્તિનો પંથ છે, અને એ જ માર્ગમાં સર્વે જ્ઞાનીઓની સંમતિ છે. – એ પ્રમાણે ઓળખીને જ્ઞાનીઓએ સંમત કરેલું સર્વ સંમત કરવું. જ્ઞાની પાસેથી શ્રવણ કરતાં પોતાને ગોઠે તેટલું માને અને બીજી વાત ન રુચે – તો તે જીવે જ્ઞાનીઓએ કહેલું સર્વ સંમત કર્યું નથી; પણ પોતાનો સ્વચ્છંદ પોષ્યો છે. દેવ–ગુરુ–શાસ્ત્રના આશ્રયે જે પુણ્યભાવ થાય તેનો આશ્રય કરવાનું પણ ધર્મીને માન્ય નથી, પણ તેનો આશ્રય છોડવાનું માન્ય છે. જ્ઞાનીઓએ માન્ય કરેલું સર્વ માન્ય કરવું; તેમાં જો ક્યાંય પોતાની કલ્પનાનો સ્વચ્છંદ રાખ્યો તો તેણે જ્ઞાનીઓને ઓળખ્યા નથી, અને તેમનું કહેલું માન્યું નથી. અત્યાર સુધી જીવે પોતાની ભ્રાંતિથી જ જ્ઞાનીને પોતાની દ્રષ્ટિએ કલ્પ્યા છે. જો જ્ઞાનીને જ્ઞાનીની રીતે ઓળખે તો તેને ભેદજ્ઞાન અને મુક્તિ થયા વિના રહે નહીં. જ્ઞાનીની ઓળખાણ કરવામાં પરની મહત્તા નથી પણ પોતાના આત્માની મહત્તા છે. પહેલાં તો અનંતકાળથી આત્માની ભ્રાંતિ રહી ગઈ છે – એમ ઓળખે, અને પછી ઉપર કહ્યા પ્રમાણે પાત્ર થઈને સત્પુરુષને ઓળખે, તો અવશ્ય આત્માની ભ્રાંતિ ટળી જાય.

જ્ઞાની એમ કહેતા નથી કે તું અમારો આશ્રય કરીને રોકાઈ જા. પણ તું તારા આત્માને સિદ્ધ જેવા પરિપૂર્ણ સ્વભાવે ઓળખીને તેનો આશ્રય કર – એમ જ્ઞાનીના હૃદયનું રહસ્ય છે. સર્વે ધર્માત્માઓએ આ જ સંમત કર્યું છે, અને એ જ સંમત કરવા યોગ્ય – હોંશથી માન્ય કરવા યોગ્ય – છે.

**'આ જ્ઞાનીઓએ હૃદયમાં રાખેલું – નિર્વાણને અર્થે માન્ય રાખવા યોગ્ય, શ્રદ્ધવા યોગ્ય, ફરી ફરી ચિંતવવા યોગ્ય, ક્ષણે ક્ષણે – સમયે સમયે તેમાં લીન થવા યોગ્ય પરમ રહસ્ય છે, અને એ જ સર્વ શાસ્ત્રનો, સર્વ સંતના હૃદયનો, ઈશ્વરના ઘરનો મર્મ પામવાનો મહામાર્ગ છે.'** જુઓ તો ખરા, કેટલી દ્રઢતાપૂર્વક વાત કરી છે. ધર્મી જીવોએ જે માન્ય કર્યું, તે જ માન્ય રાખવું તે પરમ રહસ્ય છે. ધર્મી જીવોએ શું માન્ય કર્યું, – શું આદર્યું અને શું છોડ્યું, તે ઓળખ્યા વગર પોતે તેની શ્રદ્ધા કેવી રીતે કરે? અને તેનું ચિંતવન પણ કઈ રીતે કરે?


જ્ઞાનીઓને બરાબર ઓળખીને, તેમણે સંમત કર્યા પ્રમાણે આત્માના વીતરાગી સ્વભાવનો આશ્રય કરવો; સર્વ શાસ્ત્રનો અને સર્વ સંતોના હૃદયનો મર્મ પામવાનો આ એક જ માર્ગ છે. નિર્વાણને અર્થે એટલે આત્માની મુક્તિને અર્થે માન્ય કરવા યોગ્ય આ જ મહામાર્ગ છે. વળી ઈશ્વરના ઘરનો એટલે સર્વજ્ઞ ભગવાનના માર્ગનો અથવા આત્માના સ્વભાવનો મર્મ પામવાનો આ મહા માર્ગ છે. આત્માનું પરમાત્મપદ પ્રગટે તેનો આ મહા માર્ગ છે.

હવે નિમિત્તકારણની વાત મૂકે છે : **'અને એ સઘળાનું કારણ કોઈ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ અને તે પ્રત્યે અવિચલ શ્રદ્ધા એ છે. અધિક શું લખવું?'** ત્રિકાળ આ એક જ માર્ગ છે એમ ભાર મૂકીને કહે છે કે **'આજે ગમે તો તેથી મોડે અથવા વહેલે, એ જ સૂઝ્યે–એ જ પ્રાપ્ત થયે છૂટકો છે.'** ભાઈ, તને તારા સ્વરૂપની જ ભ્રાંતિ છે, તે ભ્રાંતિ ટાળ્યા વગર છૂટકો નથી. અને એ ભ્રાંતિને છેદવા માટે, જ્ઞાનીઓએ જે સંમત કર્યું તે જ સંમત કરવું એ જ માર્ગ છે. એ માર્ગ સૂઝ્યે જ સર્વ સંતોના હૃદયને પામી શકાય છે. વળી છેવટે વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ થવાનું કહ્યું છે. પૂર્વે થઈ ગયેલા સત્પુરુષ નહિ પણ પોતાને સાક્ષાત્ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ થાય અને તેમના વચનનું સીધું શ્રવણ કરતાં તેમના પ્રત્યે અવિચળ શ્રદ્ધા જાગે. આમાં સમજ્યા વગર સત્પુરુષને માનવાની વાત નથી, પણ સત્પુરુષને ઓળખીને, તે કહે છે તેવા નિરાલંબી પોતાનાં આત્મસ્વભાવની ઓળખાણ કરે તેણે સંતોએ માનેલું માન્યું કહેવાય. અને એ જ નિર્વાણનો માર્ગ છે.

છેવટે પોતે ભળીને કહે છે કે **''સર્વ' પ્રદેશે મને તો એ જ સંમત.'** આત્માના અસંખ્ય પ્રદેશે મને તો એ જ માન્ય છે.


**(આત્મધર્મ – ૮૦ માંથી સાભાર ઉદ્ધૃત)**

*



# પરમ કૃપાળુદેવની જન્મજયંતીએ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા ગુણ સંકીર્તન

આજે 'કૃપાળુદેવ'ની જન્મજયંતીનો મહોત્સવ દિન છે. આપણું એ પરમ સૌભાગ્ય છે કે, આવા મહાપુરુષનો જન્મદિવસ ઊજવવાનું સદ્ભાગ્ય આપણને પ્રાપ્ત થાય છે. વાસ્તવિકપણે તો તેમનું સ્મરણ કરીને તેમના ગુણાનુવાદ, તેમની ભક્તિ એ વિશેષ પ્રકારે કરવાનો આજનો દિવસ છે. તેમના ગુણોથી તેમનું સ્મરણ કરીને તેમના પ્રત્યે જે કાંઈ બહુમાન હોય તે બહુમાન વૃદ્ધિગત થાય એ પ્રકારે આજનો દિવસ વિશિષ્ટભાવથી પસાર થવો જોઈએ.



જ્યારે તેમનું સ્મરણ કરીએ છીએ ત્યારે તેમની જે મુખમુદ્રા છે તેનું પ્રથમ જ નિદિધ્યાસન થાય છે. ભલે અત્યારે આપણી પાસે એ પ્રત્યક્ષ નથી તોપણ પ્રત્યક્ષવત્ પ્રતિભાસે છે. તેમની મુદ્રા આપણા ચૈતન્યપ્રદેશોમાં અંકિત થાય છે, visualise થાય છે – દેખાય છે.

અહો ! તેમની મુદ્રા ! અહો ! તેમની મુદ્રામાં પ્રદર્શિત થતી ગંભીરતા ! એમનું જે પરમ ગાંભીર્ય છે તે તેમની મુદ્રામાં બહુ સારી રીતે પ્રસિદ્ધ થાય છે, પ્રદર્શિત થાય છે. એવી એક અસાધારણ અપૂર્વતા એમનામાં દ્રષ્ટિગોચર થાય છે.

તેમના વચનયોગ માટે તો બીજાના વચન અધૂરા અને ઓછા પડે એવા છે. એવો કોઈ સાતિશય વચનયોગ તેઓશ્રીને પ્રાપ્ત હતો કે, જેનો પુરાવો આ 'વચનામૃત ગ્રંથ' આપણી સમક્ષ છે. એ વચનયોગથી આજે પણ હજારો માણસો આકર્ષિત થાય છે. કોઈ એવો ચમત્કાર કહીએ, કોઈ એવો અતિશય કહીએ, કોઈ એવો લોકોત્તર જાદુ કહીએ, તે પ્રકાર તેઓશ્રીના વચનયોગમાં પ્રસિદ્ધ છે. તેનું બીજા વચનોથી પ્રશંસા કે ગુણાનુવાદ કરતાં ઓછું લાગે છે, અધૂરું લાગે છે. જેટલું સમજમાં આવે છે, જેટલું અનુભવાય છે તેટલું કહી શકાતું નથી.

એ વચનયોગ અને એ વચનયોગ દ્વારા જે-જે મુમુક્ષુ આત્માઓ તેમના પ્રત્યક્ષ પરિચયમાં આવ્યા તેમના પ્રત્યે તેમની જે પરમ કરુણા, તેમનો ઉદ્ધાર કરવાની જે નિષ્કામ કરુણા, એ કરુણા પણ તેમના એકે-એક પત્રમાં દેખાય છે. માત્ર એ કરુણા જ હતી એટલું જ નહિ પણ એ એક લોકોત્તર વિચક્ષણતા પણ હતી. જેમ કોઈ કુશળ વૈદ્ય હોય, expert ડૉક્ટર હોય અને ગંભીરમાં ગંભીર રોગીને પણ એકદમ તંદુરસ્તી પ્રત્યે,

stage by stage, stage by stage લઈ જાય એ રીતે તેઓશ્રીના પરિચયમાં આવેલા મુમુક્ષુઓને તેમના આત્માની ઉન્નતિ ક્રમમાં તેઓ લઈ આવતા.

એ પ્રકાર જે છે એવો પ્રકાર અનેક મહાત્માઓનો ઈતિહાસ જોતાં પણ એમ લાગે છે કે, એ પ્રકારની વિચક્ષણતા ભાગ્યેજ અનેક ધર્માત્માઓમાં પણ કોઈએક ધર્માત્મામાં હોય એવા પ્રકારની હતી. અત્યંત વિચક્ષણતા! કોઈ પણ મુમુક્ષુને કેટલી વાત કરવી, કેવી વાત કરવી, કેટલી માત્રામાં કરવી કે ન કરવી, એવી વિચક્ષણતા જે-તે મુમુક્ષુની યોગ્યતાને પારખીને તેઓશ્રી એને જે treatment આપતા – જે બોધ આપતા એમાં કેવળ સામાનું આત્મકલ્યાણ સિવાય બીજું કાંઈ નહિ.

એ સિવાય એમની જે સરળતા છે તે તેઓશ્રીના પત્રમાં કોઈ અસાધારણ રીતે વ્યક્ત થાય છે. સરળપરિણામી જીવો કેવા હોય અને ધર્માત્માની સરળતા કેવી હોય એના માટે આ ગ્રંથ છે એ એક અસાધારણ પુરાવો છે, અસાધારણ સાબિતી છે. પોતાના પરિણામની વાત કરવી એ અસાધારણ અને અત્યંત સરળતા સિવાય સંભવિત નથી. પ્રયોગ કરી જોઈએ તો ખ્યાલ આવે એવું છે કે, આપણે આજે પણ સત્સંગ કરીએ છીએ તો એ સત્સંગમાં આપણે આપણાં પરિણામોની કેટલી ચર્ચા કરીએ છીએ ? કે, મને આટલા દોષ થાય છે, મને આવા-આવા પ્રકારના પરિણામ થાય છે, એમાં વિપરીતતા શું છે ? એમાં ક્ષતિ શું છે ? એમાં ખામીઓ શું છે ? કઈ રીતે એને સુધારવા જોઈએ ?


'કૃપાળુદેવે' પોતાનાં પરિણામો પત્રની અંદર લખીને જે બોધ આપવાની એક પ્રણાલિકા કહીએ, બોધ આપવાની એક વિધિ કહીએ, રીત કહીએ, કાર્યની પદ્ધતિ કહીએ – એ પદ્ધતિ ખરેખર અનુસરણ કરવા જેવી છે, અનુકરણ કરવા જેવી છે. અને જે પ્રાયેઃ અનુકરણ થતી જોવામાં આવતી નથી. આ એક વિશિષ્ટ પ્રકાર અંગીકાર કરવા યોગ્ય છે અને તો જ આપણે તેમના માર્ગે ચાલીએ છીએ. માત્ર વાંચી જઈએ, માત્ર વાંચીને પ્રશંસા કરીએ એટલું નહિ હોવું જોઈએ. તેઓ કઈ રીતે વર્ત્યા છે? પોતાના પરિણામની અધ્યાત્મિક પરિસ્થિતિ પણ વ્યક્ત કરી છે અને એવું તો ભાગ્યે જ કોઈ વ્યક્ત કરે.

ખરી વાત એવી છે કે, જે કાંઈ જ્ઞાનીપુરુષની જ્ઞાનદશા છે, જે કાંઈ એમના આત્મગુણોનો આવિર્ભાવ થયેલો હોય છે એ તો એમની સંપત્તિ છે! એ એમની કમાણી છે! એ એમની મૂડી છે! આજે આપણે આપણી મૂડી કોઈને બતાવીએ છીએ? કે,ભાઈ! મારી પાસે આટલી મૂડી છે! ઓછી હોય તોપણ કોઈ બતાવતું નથી અને વધારે હોય તોપણ બતાવતું નથી. હા, બતાવે કોને? પોતાના આત્મીયજન હોય, પોતાના પિતા હોય, પુત્ર હોય, પત્ની હોય એને બતાવે છે કે, 'આપણી પાસે આમ છે! અને એ પ્રમાણે આપણે ચાલવું જોઈએ.'

'કૃપાળુદેવે' પોતાની મૂડી – આત્મસંપત્તિ પત્રો દ્વારા વ્યક્ત કરી છે. એ ઉપરથી એમ લાગે છે કે, તેઓશ્રીની તેમના પરિચયમાં આવતા સુપાત્ર જીવો સાથેની આત્મીયતા કેટલી હદે હતી!! કોઈ પણ ધર્માત્મા આવી વાત ભાગ્યે જ કરે. જે વાતો એમણે અનેક પત્રોમાં (કરી છે). અને તેમાં પણ ખાસ કરીને 'સોભાગભાઈ' જે એમના પરમ નિકટ સખા હતા, તેમના પત્રોમાં વિશેષપણે કરી છે. એ એક 'સોભાગભાઈ'નો પણ ઉપકાર છે!! કે, જેમના સંયોગને લીધે, જેમના યોગને લીધે 'કૃપાળુદેવ'ની અભ્યંતર દશા – આત્મદશા પ્રસિદ્ધ પામી અને 'કૃપાળુદેવ'ને એ રીતે એમના અંતરંગથી સમજવાનો એક મોકો – એક તક આપણને પ્રાપ્ત થઈ છે. એ એમની અસાધારણ અત્યંત-અત્યંત સરળતાનો પુરાવો છે.

તેમની નમ્રતાનો વિચાર કરીએ તો એવો દાખલો ભાગ્યે જોવા મળે, એવા વચન અને કથન ભાગ્યે જ જોવા મળે એવો પ્રકાર આ ગ્રંથની અંદર પ્રસિદ્ધ છે. એ વિષયમાં એમનો પત્રાંક ૫૩૯ છે એ વિચારવા યોગ્ય છે. એ રીતે 'કૃપાળુદેવ'ના ગુણગ્રામ કરીએ તો કલાક તો ઓછો પડે એવું છે ! 'બીજા પદાર્થમાં જીવ જો નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણદશા પામે છે; અને નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે.' સંસારની ચાર ગતિને એક વચનમાં સમાવી દીધી ! વચનના અર્ધા ભાગમાં સમાવે છે!! અને મોક્ષની ગતિ – પંચમ ગતિ

પ્રાપ્ત કરવાને બાકીનું અર્ધું વચન કહી દીધું. આ વચનયોગનું સામર્થ્ય છે !! સંસાર અને મોક્ષ – એક વચનમાં કારણ-કાર્ય સહિત કહ્યાં છે. **'જેના ચિત્તમાં એવો માર્ગ વિચારવો અવશ્યનો છે,...'** કે, મારું પરિભ્રમણ ટળવું જોઈએ અને નિજમાં નિજબુદ્ધિ કરીને પરિભ્રમણથી મુક્ત થવું જોઈએ. તેણે શું કરવું ? (કે) **'...તેણે તે જ્ઞાન જેના આત્મામાં પ્રકાશ પામ્યું છે,...'** તેવા જ્ઞાનીપુરુષની તેવા સત્પુરુષની **'...દાસાનુદાસપણે અનન્ય ભક્તિ કરવી, એ (મુમુક્ષુનું) પરમ શ્રેય છે.'** પરમ કલ્યાણ છે.



(પરમ કૃપાળુદેવને વંદન કરતા પૂ.ભાઈશ્રી – સાયલા)

હવે તેઓશ્રીની અસાધારણ **નમ્રતાનો** પુરાવો છે. આટલા અનુસંધાન પછી (લખે છે) **'...તે દાસાનુદાસ ભક્તિમાનની ભક્તિ પ્રાપ્ત થયે જેમાં કંઈ વિષમતા આવતી નથી, તે જ્ઞાનીને ધન્ય છે.'** શું કહ્યું? જ્ઞાનીપુરુષ, કે જે જ્ઞાનીપુરુષની દાસાનુદાસપણે ભક્તિ કરતા હોય તેની પણ ભક્તિ કરે અને છતાં પણ વિષમતા એટલે inferiority of complex ઉત્પન્ન ન થાય ! કે, અરે...! દાસાનુદાસની ભક્તિ જ્ઞાની કેવી રીતે કરે ?! જ્ઞાનીની ભક્તિ તો એમના દાસ અને એમના ભક્તો અવશ્ય કરે, એ તો એક સાધારણ વાત છે – સામાન્ય વાત છે, સંભવિત વાત છે. પણ દાસાનુદાસ ભક્તિમાનની ભક્તિ પ્રાપ્ત થયે જેમાં કોઈ વિષમતા આવતી નથી, વિકલ્પ ઉત્પન્ન ન થાય કે, 'આમાં મારા માન – અપમાનનો સવાલ શું છે ? લોકો કઈ રીતે મને જોશે ? શું સમજશે ?' તે જ્ઞાનીને ધન્ય છે!! આ રીતે, આ અભિપ્રાયથી જ્ઞાની જ્ઞાનદશાને પ્રાપ્ત થયા હોય છે. તેમને કદી પણ માન – અપમાનની કલ્પના ક્યાંય પણ થતી નથી. 'તેટલી સર્વાંશદશા જ્યાં સુધી પ્રગટી ન હોય ત્યાં સુધી આત્માને કોઈ ગુરુપણે આરાધે ત્યાં પ્રથમ તે ગુરુપણું છોડી તે શિષ્ય વિષે પોતાનું દાસાનુદાસપણું કરવું ઘટે છે.' જુઓ! **નમ્રતાનો** પુરાવો! આવા વચનો અન્યત્ર ક્યાંય જોવા મળતા નથી.

એ વચનો જ્યારે સામે આવે છે ત્યારે, અહો! તેમની નમ્રતા! એવો આશ્ચર્યકારક ભાવ થયા વિના રહેતો નથી!!


અહો ! તેમની ગવેષણા ! ગવેષણા એટલે સત્યની ખોજ. કેવા પ્રકારે એમણે સત્યની ખોજ કરી અને પરમ સત્યને પ્રસિદ્ધ કર્યું – પ્રગટ કર્યું !

અહો ! તેમનું શ્રદ્ધાન! વર્તમાન પંચમકાળ એક એવો કાળ છે કે જેને શાસ્ત્રકાર 'હુંડાવસર્પિણીકાળ' કહે છે! સર્પ જેમ સીધો ચાલે નહિ એમ આ કાળ સીધો ચાલે નહિ. એટલે કે ધર્માત્મા હોય, ગમે તે હોય એને પણ બહારમાં સંયોગોની ચડ-ઊતર, ચડ-ઊતર થયા જ કરે. એવા અનેક પ્રકારના ચિત્ર-વિચિત્ર પૂર્વ કર્મના ઉદયો આવવા છતાં પણ જેમનું અવિચળ શ્રદ્ધાન એવું ને એવું અવિચળ રહે છે! એવા એમના અચલિત શ્રદ્ધાનને જો લક્ષમાં લેવામાં આવે તો એમના પ્રત્યે હૃદય નમી પડ્યા વિના રહે નહિ!!

અહો! તેમનું નિરાવરણજ્ઞાન! જ્ઞાન તો જ્ઞાન છે પણ જ્ઞાનમાં બે પ્રકાર છે. આવરણ સહિતનું જ્ઞાન અને નિરાવરણજ્ઞાન. જ્ઞાનીપુરુષનું જ્ઞાન ભ્રાંતિરહિત થયું હોવાને લીધે તે જ્ઞાન નિરાવરણતાને પ્રાપ્ત થયું છે. જેને પોતાના પરમાત્મસ્વરૂપમાં કેવળ આત્મબુદ્ધિ વર્તે છે અને દેહાદિથી અને રાગાદિથી ભિન્નપણું વર્તે છે, એવું જે નિરાવરણજ્ઞાન છે (કે) જે કેવળજ્ઞાનનું સાધક છે. એ જ્ઞાન પણ 'કૃપાળુદેવ'માં અતિશયપણે પ્રકાશમાન થયું હતું અને તે તેમના વચનયોગથી સારી રીતે સમજી શકાય છે.

અહો! તેમની સમાધિ! ઉપાધિમાં પણ સમાધિ! પૂર્વકર્મના યોગે બહારમાં અનેક પ્રકારનો ઉપાધિયોગ વર્તતો

હતો. પત્રોમાં જે વિષય આવ્યો છે એ બહુ અલ્પાંશે આવ્યો છે. પણ તેના ઉપરથી કેટલાંક અનુમાન કરીએ તો સ્પષ્ટ ખ્યાલમાં આવે કે, અનેક પ્રકારના ઉપાધિયોગમાંથી તેઓ પસાર થતા હતા, તોપણ તેમની આત્મસમાધિ એવી ને એવી રહેતી હતી ! (એક પત્રમાં લખે છે) 'અમે જે કાંઈ કરીએ છીએ તે કાંઈ લેવા માટે કરતા નથી. જગતના જીવો વ્યવસાય કરે છે એ કાંઈક લેવા માટે કરે છે, જ્યારે અમે કાંઈ કરીએ છીએ એ દેવા માટે કરીએ છીએ !' એટલે કે પૂર્વકર્મનું જે કરજ છે એ કરજ ચૂકવીએ છીએ, કરજ પ્રમાણિકપણે ચૂકવીએ છીએ, કરજ કર્યું હોય અને ન ચૂકવવાની દાનત (હોય) એમાં પ્રમાણિકતા નથી. એવી એક લોકોત્તર પ્રમાણિકતાનાં દર્શન એમના ઉદયપ્રસંગો અને એ ઉદયપ્રસંગોમાં એમને વર્તતી જે આત્મસમાધિ, એ સમાધિથી એમનું જીવન, એમનું પરિણમન – એનું દર્શન આપણને થાય છે.



(પરમ કૃપાળુદેવને નિરખતા પૂ.ભાઈશ્રી – સાયલા)

અહો! તેમની પરમ જાગૃતિ! આત્મસ્વરૂપને વિષે નિરંતર જાગ્રત છે એવા જે જ્ઞાનીપુરુષ છે એમને ધન્ય છે! એ નિરંતર જાગ્રત છે. કોઈ એમ કહે કે, નિરંતર જાગ્રત કેમ રહી શકાય? ઊંઘ આવી જાય, નિંદ્રા આવી જાય, (એમાં) કેવી રીતે જાગૃતિ રહે? એ નિદ્રા આવે તોપણ તેમની અંતર પરિણતિમાં વર્તતી જે જ્ઞાનધારા છે, જે સર્વ ગુણાંશરૂપ સમ્યક્ત્વ છે! જ્ઞાનધારા એટલે માત્ર જ્ઞાનની પરિણતિ એટલું નહિ, એ જ્ઞાનધારા કહેતાં આત્માના સર્વ ગુણો યથાસંભવ શુદ્ધિને પ્રાપ્ત થયા છે, એવી જે એમની અલૌકિક દશા હોય છે, એ દશા નિરંતર ચાલુ રહે છે. એ સમજી શકાય એવો વિષય છે, ન સમજાય એવો વિષય નથી.

આપણે સૂઈ જઈએ છીએ, ઊંઘ આવે છે, પણ કોઈ ઓચિંતો સાદ પાડે તો કેમ હોંકારો દઈ દઈએ છીએ! ઊંઘમાં ક્યાં ખબર પડી કે, આપણને કોઈ બોલાવે છે? પણ જે કાંઈ આપણું દેહાત્મબુદ્ધિએ પરિણમન ચાલે છે કે, 'હું ફલાણો–ફલાણો છું!' એ ભ્રાંતિ નિવૃત્ત થઈને 'હું એક માત્ર જ્ઞાનસ્વભાવી આત્મા છું, ચૈતન્યસ્વરૂપી આત્મા છું!' એવી જેની અપૂર્વ આત્મરસે પરિણતિ થઈ છે એ પરિણતિ નિરંતર, જેમ અજ્ઞાનીને અજ્ઞાનદશાની ચાલુ રહે છે, તેમ જ્ઞાનીને જ્ઞાનદશામાં ચાલુ રહે છે. એવી એમની અંતર જાગૃતિથી પણ એમનાં દર્શન કરવાં યોગ્ય છે.

અહો! તેમનો વૈરાગ્ય! વૈરાગ્ય તો નીતરતો વૈરાગ્ય હતો! જેમ કોઈ કપડું પાણીમાં બોળીને બહાર લેવામાં આવે તો વધારાનું પાણી નીતરવા મંડે. એક પત્રમાં એ પોતે લખે છે કે, 'અમારા અંગમાં એટલો વૈરાગ્ય છે કે અમારા સંગમાં આવેલાને ત્યાગ કરવો, સંયમ પાળવો, વૈરાગ્ય આવવો એ તો સહજ થઈ જાય.' અને એટલા માટે આપણે એમને 'બોધસ્વરૂપે' જોઈએ છીએ! આજે આપણે એમને એક મનુષ્ય તરીકે નથી જોતા. ભલે સામાન્યજન માટે એ એક ૧૨૭ વર્ષ પહેલાં 'વવાણિયા'માં મનુષ્ય તરીકે જન્મ પામ્યા હોય. પણ તેમને જેઓ ઓળખે છે એ તો એમને 'બોધસ્વરૂપે' જુએ છે! બોધસ્વરૂપે એટલે કે, જેના સત્સંગમાં આવનારને સ્વયં સહજ એમની પરિણતિ જોતાં બોધની પ્રાપ્તિ થાય, કહેવું ન પડે. એમના સંગમાં મૌનપણે રહે, બોલે ત્યારની વાત તો જુદી જ છે, પણ ન બોલતા હોય, મૌન રહેતા હોય તોપણ એમના સંગમાં રહેનારને બોધની સ્વયં પ્રાપ્તિ થાય, એવું એમનું અંગ હતું! એવું એમનું અંતરંગ હતું! એવું એમનું બહિરંગ હતું! અંતર્બાહ્ય એ વૈરાગ્યની મૂર્તિ હતા, એમ કહેવું જોઈએ.

તેમની વીતરાગતા! આ વૈરાગ્ય માત્ર શુભભાવરૂપ નથી એ દર્શાવવું જરૂરી છે. વૈરાગ્ય બે પ્રકારના હોય છે. કેટલાક સંયમ અને ત્યાગથી શુભભાવો ઉત્પન્ન થાય છે એને પણ વૈરાગ્ય કહે છે. મુમુક્ષુની ભૂમિકામાં આત્મકલ્યાણની તીવ્ર ભાવનાથી ઉદયના નીરસ પરિણામ થાય તેને પણ વૈરાગ્ય કહે છે. પણ આ વૈરાગ્ય મુમુક્ષુદશાનો નથી જ્ઞાનદશાનો છે. મુમુક્ષુદશાનો વૈરાગ્ય જુદો હોય છે. જ્ઞાનદશાનો વૈરાગ્ય જુદો હોય છે અને મુનિદશાનો વૈરાગ્ય પણ જુદો હોય છે. એ અલગ અલગ દશાના સ્તરથી વૈરાગ્યની ભૂમિકા પણ અલગ-અલગ હોય છે.

એમનો જે વૈરાગ્ય હતો એ વીતરાગતા સમેત હતો, વીતરાગતા સહિત હતો. એમની જે આત્મસ્વરૂપથી અને સહજ સ્વભાવથી ઉત્પન્ન થયેલી જે વીતરાગતા, એ વીતરાગતાની સાથે એમના અંતર્ બાહ્ય વૈરાગ્યનો સુમેળ હતો. એટલે જેમ કોઈ સોનાને ગેરુ ચડાવવામાં આવે, દાગીનાને અનેક પ્રકારના કેમિકલ્સથી-રસાયણોથી વિશેષ પોલીશ કરવામાં આવે અને એ દીપી ઊઠે, એનું તેજ પ્રગટ થાય, તેમ વીતરાગતાથી ઉત્પન્ન થયેલો વૈરાગ્ય એ વિશેષપણે પ્રકાશે છે. એ એમનું દિવ્ય વૈરાગ્યપણું અને તેજસ્વીપણું એમાં પ્રસિદ્ધ થાય છે.

અહો! તેમની શાંતિ! આટલા બધા ગુણ હોય ત્યારે આત્મશાંતિ, એ તો જે પરિણમનનું પ્રયોજન છે, એ તો મુખ્ય એમાં હોય જ છે. કોઈ પણ પ્રસંગોમાં પોતાના ધૈર્યને એ ગુમાવતા નથી, એમની ધીરજ પણ આશ્ચર્યકારક હોય છે! એ ધૈર્ય અને શાંતિથી એમનું જે પરિણમન છે એ પણ હૃદયથી અવલોકન કરવા યોગ્ય છે અને દર્શન કરવા યોગ્ય છે!

'ભક્તિ'નું નિરૂપણ તો 'કૃપાળુદેવે' એટલું સુંદર અને એટલું સરસ કર્યું છે કે, આત્મસ્વરૂપની, આત્મપરિણામોની, આત્મસ્વભાવની પરખપૂર્વક જો મુમુક્ષુને ભક્તિ પ્રગટ થાય તો એ ક્ષણ વારમાં મોક્ષ દે એવો પદાર્થ છે ! એટલું ભક્તિનું નિરૂપણ કર્યું છે!! કોઈ એમ સમજે છે કે, આ તો 'ભક્તિ' નામનો એક રાગ છે. જેમ બીજા રાગ હોય છે એવો આ પણ એક વિકલ્પ છે. પણ 'કૃપાળુદેવ'ને 'ભક્તિ'ના શબ્દમાં એવી છીછરી વાત કરવી નથી. તેમનો 'ભક્તિ' શબ્દ દ્વારા જે કાંઈ નિરૂપણ કરવાનો અભિપ્રાય અને ભાવ રહેલો છે, એ ઘણો ઊંડો અને ગંભીર છે! ભક્તિ દ્વારા તેમણે જ્ઞાનની દશાને વ્યક્ત કરી છે.


ભક્તિ એ રાગની પર્યાય નથી પણ ખરેખર તો જ્ઞાનની પર્યાય છે. જે જ્ઞાનમાં - જે સમજમાં મૂલ્યાંકન થાય છે, જેમાં ભાવભાસન આવે છે અને તેને લઈને જે બહુમાન પ્રગટ થાય છે, એવા જે બહુમાનયુક્ત જ્ઞાનનાં પરિણામો એને તેઓશ્રી 'ભક્તિ' કહેવા માંગે છે. અને તે ભક્તિનું નિરૂપણ તેઓશ્રીનું અસાધારણ અને અલૌકિક છે! ભાગ્યે જ એવું નિરૂપણ અન્ય ગ્રંથોમાં જોવામાં આવે, એવું નિરૂપણ એમણે ઠામ-ઠામ કરેલું છે.

એ રીતે 'કૃપાળુદેવ' જેવા મહાપુરુષ ૧૨૭ વર્ષ પહેલાં 'વવાણિયા'માં પધાર્યા. આયુષ્ય અલ્પ લઈને આવેલા - તેત્રીસ વર્ષ અને સાડા પાંચ મહિના ! તોપણ એટલા કાળમાં જે કાંઈ પત્રો સચવાયા અને રહી ગયા તોપણ આટલો દળદાર ગ્રંથ થયો છે, તો બધા પત્રો અને એમનું બધું લખાણ રહ્યું હોત તો એટલા ટૂંકા સમયમાં પણ એમનું ચિંતન, એમનું પરિણમન કેટલું વિશાળ, કેટલું ઊંડું હતું એ વિશેષ ખ્યાલ આવત! આ તો એક નમૂનો છે!

તેથી જે ક્ષેત્રમાં તેઓ વિચર્યાં છે એ ક્ષેત્ર પણ ધન્ય છે! જે ગામમાં તેમનો જન્મ થયો છે તે ગામ પણ ધન્ય છે! 'વવાણિયા'! 'વવાણિયા'માં જન્મ થયો છે. આજે પણ (એ) એક તીર્થસ્થળ છે! ખરેખર તો જ્યાં-જ્યાં જ્ઞાનીપુરુષ વિચરે છે, તેમના ચરણારવિંદ જ્યાં-જ્યાં સ્પર્શે છે તે ભૂમિ ધન્ય છે! તે તીર્થ છે...! અને જ્યાં-જ્યાં તેમનો સ્પર્શ થાય છે તે આસન, તે શય્યા બધું (ધન્ય છે)....! આટલો તેમના વિષયમાં સંક્ષેપમાં (ગુણાનુવાદ છે).

*

# શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષનું માહાત્મ્ય દર્શાવતા કેટલાક વચનામૃતો



શ્રીમદ્ રાજચંદ્રજીના વચનોમાં

સત્સંગ એ સર્વ સુખનું મૂળ છે

સત્સંગનો સામાન્ય અર્થ એટલો કે, ઉત્તમનો સહવાસ.

જ્યાં સત્સંગ નથી ત્યાં આત્મરોગ વધે છે

સત્સંગ એ આત્માનું પરમ હિતૈષી ઔષધ છે.

– (શ્રીમદ્રાજચંદ્ર : પૃ૦ ૭૫-૭૬, વર્ષ ૧૭ મું)

*

સત્પુરૂષો કહેતા નથી, કરતા નથી; છતાં તેની સત્પુરૂષતા નિર્વિકાર મુખમુદ્રામાં રહી છે.

–(શ્રીમદ્રાજચંદ્ર : પૃ૦ ૧૫૯, વર્ષ ૨૦ મું)

*

સત્સંગનો લેશ અંશ પણ નહીં મળવાથી બિચારો આ આત્મા વિવેકઘેલછા ભોગવે છે.

–(શ્રીમદ્રાજચંદ્ર-પત્રાંક :૩૫, પૃ-૧૬૯, વર્ષ ૨૧મું)

*

શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, મર્મ કહ્યો નથી. મર્મ તો સત્પુરૂષના અંતરાત્મામાં રહ્યો છે.

–(પત્રાંક : ૫૮, પૃ૦ ૧૮૪, વર્ષ ૨૨મું)

*

પરમાત્માને ધ્યાવવાથી પરમાત્મા થવાય છે. પણ તે ધ્યાવન આત્મા સત્પુરૂષના ચરણકમળની વિનયોપાસના વિના પ્રાપ્ત કરી શકતો નથી, એ નિર્ગ્રંથ ભગવાનનું સર્વોત્કૃષ્ટ વચનામૃત છે.

નિશ્ચયમાં નિશ્ચયઅર્થની અપૂર્વ યોજના સત્પુરૂષના અંતરમાં રહી છે.

–(પત્રાંક : ૬૨, પૃ૦ ૧૮૮-૧૮૯, વર્ષ ૨૨ મું)

*

બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરૂષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.

સત્પુરૂષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ (આત્મજાગૃતિ) છે; શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે; અંતરંગ સ્પૃહા નથી, એવી જેની ગુપ્ત આચરણા છે.

એક સત્પુરૂષને રાજી કરવામાં, તેની સર્વ ઈચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ.

–(પત્રાંક : ૭૬, પૃ૦ ૧૯૪-૧૯૫, વર્ષ ૨૨ મું)

*

સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે.

સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી.

–(પત્રાંક : ૧૨૮, પૃ૦ ૨૨૨, વર્ષ ૨૩ મું)

*

કોઈ એક સત્પુરૂષ શોધો, અને તેનાં ગમે તેવાં વચનમાં પણ શ્રદ્ધા રાખો.

–(પત્રાંક : ૧૪૩, પૃ૦ ૨૨૯, વર્ષ ૨૩ મું)

સત્સંગના અભાવથી ચઢેલી આત્મશ્રેણી ઘણું કરીને પતિત થાય છે.

–(પત્રાંક : ૧૫૭, પૃ૦ ૨૩૫, વર્ષ ૨૩ મું)

*

સત્પુરૂષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે, એ વાત કેમ હશે ?

–(પત્રાંક : ૧૬૬, પૃ૦ ૨૪૬, વર્ષ ૨૪ મું)

*

નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો; સત્પુરૂષની ભક્તિ પ્રત્યે લીન થવું; સત્પુરૂષનાં ચરિત્રોનું સ્મરણ કરવું; સત્પુરૂષોનાં લક્ષણનું ચિંતન કરવું; સત્પુરૂષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું; તેનાં મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્ભુત રહસ્યો ફરી ફરી નિદિ–ધ્યાનસન કરવાં; તેઓએ સમ્મત કરેલું સર્વ સમ્મત કરવું.

આ જ્ઞાનીઓએ હૃદયમાં રાખેલું, નિર્વાણને અર્થે માન્ય રાખવા યોગ્ય, શ્રદ્ધવા યોગ્ય, ફરી ફરી ચિંતવવા યોગ્ય, ક્ષણે ક્ષણે, સમયે સમયે તેમાં લીન થવા યોગ્ય, પરમ રહસ્ય છે. અને એ જ સર્વ શાસ્ત્રનો, સર્વ સંતના હૃદયનો, ઈશ્વરના ઘરનો મર્મ પામવાનો મહા માર્ગ છે. અને એ સઘળાનું કારણ કોઈ વિદ્યમાન સત્પુરૂષની પ્રાપ્તિ, અને તે પ્રત્યે અવિચરળ શ્રદ્ધા એ છે.

અધિક શું લખવું ? આજે, ગમે તો કાલે, ગમે તો લાખ વર્ષે અને ગમે તો તેથી મોડે અથવા વહેલે, એ જ સૂઝ્યે, એ જ પ્રાપ્ત થયે છૂટકો છે. સર્વ પ્રદેશે મને તો એ જ સમ્મત છે.

–(પત્રાંક : ૧૭૨, પૃ–૨૫૦–૨૫૧, વર્ષ ૨૪ મું)

*

માર્ગ સરળ છે, પણ પ્રાપ્તિનો યોગ મળવો દુર્લભ છે.

ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરૂષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચલ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે, અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાન–પ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે. અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઈચ્છે છે તેણે અખંડ વૃત્તિથી એ જ માર્ગને આરાધવો. એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યુ છે. જ્યાં સુધી જીવને સ્વચ્છંદરૂપી અંધત્વ છે, ત્યાંસુધી એ માર્ગનું દર્શન થતું નથી. (અંધત્વ ટળવા માટે) જીવે એ માર્ગનો વિચાર કરવો; દ્રઢ મોક્ષેચ્છા કરવી; એ વિચરમાં અપ્રમત્ત રહેવું, તો માર્ગની પ્રાપ્તિ થઈ અંધત્વ ટળે છે, એ નિઃશંક માનજો. અનાદિકાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે. જો કે તેણે જપ, તપ, શાસ્ત્રાધ્યયન વગેરે અનંત વાર કર્યુ છે; તથાપિ જે કંઈ પણ અવશ્ય કરવા યોગ્ય હતું તે તેણે કર્યું નથી; જે કે અમે પ્રથમ જ જણાવ્યું છે.

–(પત્રાંક : ૧૯૪, પૃ–૨૫૯–૨૬૦, વર્ષ ૨૪ મું)

*

બીજી બધી પ્રવૃત્તિ કરતાં જીવને યોગ્યપણું પ્રાપ્ત થાય તેવી વિચારણા કરવી યોગ્ય છે; અને તેનું મુખ્ય સાધન સર્વ પ્રકારના કામભોગથી વૈરાગ્યસમેત સત્સંગ છે.

કોઈ પણ પ્રકારે જીવ પોતાની કલ્પનાએ કરી સત્‌ને પ્રાપ્ત કરી શકતો નથી. સજીવનમૂર્તિ પ્રાપ્ત થયે જ સત્ પ્રાપ્ત થાય છે, સત્ સમજાય છે, સત્‌નો માર્ગ મળે છે, સત્ પર લક્ષ આવે છે. સજીવનમૂર્તિના લક્ષ વગર જે કંઈ પણ કરવામાં આવે છે, તે જીવને બંધન છે; આ અમારૂં હૃદય છે.

–(પત્રાંક : ૧૯૮, પૃ–૨૬૧, વર્ષ ૨૪ મું)

*

જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થવી જોઈએ. એ સ્વાભાવિક સમજાય છે, છતાં જીવ લોકલજ્જાદિ કારણોથી અજ્ઞાનીનો આશ્રય છોડતો નથી, એ જ

અનંતાનુબંધી કષાયનું મૂળ છે.

જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઈચ્છાએ, એટલે આજ્ઞાએ નહીં વર્તાય, ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી.

અનંતકાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે તોપણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે.

શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે; મોક્ષ થવા માટે જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા આરાધવી જોઈએ.

એ ગુપ્ત તત્ત્વને જે આરાધે છે, તે પ્રત્યક્ષ અમૃતને પામી અભય થાય છે.

–(પત્રાંક : ૨૦૦, પૃ–૨૬૨–૨૬૩, વર્ષ ૨૪મું)

*

'સત્' સત્ જ છે, સરળ છે, સુગમ છે; સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે; પણ 'સત્'ને બતાવનાર 'સત્' જોઈએ.

–(પત્રાંક : ૨૦૭, પૃ૦ ૨૬૬, વર્ષ ૨૪ મું)

*

જેના વચનબળે જીવ નિર્વાણમાર્ગને પામે છે, એવી સજીવનમૂર્તિનો પૂર્વકાળમાં જીવને જોગ ઘણી વાર થઈ ગયો છે; પણ તેનું ઓળખાણ થયું નથી; જીવે ઓળખાણ કરવા પ્રયત્ન કવચિત્ કર્યું પણ હશે; તથાપિ જીવને વિષે ગ્રહી રાખેલી સિદ્ધિયોગાદિ, રિદ્ધિયોગાદિ અને બીજી તેવી કામનાઓથી પોતાની દ્રષ્ટિ મલિન હતી : દ્રષ્ટિ જો મલિન હોય તો તેવી સત્મૂર્તિ પ્રત્યે પણ બાહ્ય લક્ષ રહે છે, જેથી ઓળખાણ પડતું નથી; અને જ્યારે ઓળખાણ પડે છે, ત્યારે જીવને કોઈ અપૂર્વ સ્નેહ આવે છે.

–(પત્રાંક : ૨૧૨, પૃ૦ ૨૬૮, વર્ષ ૨૪ મું)

*

આ લોક ત્રિવિધ તાપથી આકુળ-વ્યાકુળ છે. ઝાંઝવાનાં પાણીને લેવા દોડી તૃષા છિપાવવા ઈચ્છે છે, એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુલ ખેદ, જ્વરાદિક રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખને તે અનુભવે છે; એવી અશરણતાવાળા આ જગતને એક સત્પુરૂષ જ શરણ છે; સત્પુરૂષની વાણી વિના કોઈ એ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચય છે. માટે ફરી ફરી તે સત્પુરૂષના ચરણનું અમે ધ્યાન કરીએ છીએ.

એક અંશ શાતાથી કરીને પૂર્ણકામના સુધીની સર્વ સમાધિ, તેનું સત્પુરૂષ જ કારણ છે; આટલી બધી સમર્થતા છતાં જેને કંઈ પણ સ્પૃહા નથી, ઉન્મત્તતા નથી, પોતાપણું નથી, ગર્વ નથી, ગૌરવ નથી, એવા આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરૂષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ.

હે પુરૂષપુરાણ ! અમે તારામાં અને સત્પુરૂષમાં કંઈ ભેદ હોય એમ સમજતા નથી ; તારા કરતાં અમને તો સત્પુરૂષ જ વિશેષ લાગે છે; કારણ કે તું પણ તેને આધીન જ રહ્યો છે; અને અમે સત્પુરૂષને ઓળખ્યા વિના તને ઓળખી શક્યા નહીં; એ જ તારૂં દુર્ઘટપણું અમને સત્પુરૂષ પ્રત્યે પ્રેમ ઉપજાવે છે. કારણ કે તું વશ છતાં પણ તેઓ ઉન્મત્ત નથી.

–(પત્રાંક : ૨૧૩, પૃ૦ ૨૬૯, વર્ષ ૨૪ મું)

*

જ્ઞાનીપુરૂષ અને પરમાત્મામાં અંતર જ નથી; અને જે કોઈ અંતર માને છે, તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે. જ્ઞાની તો પરમાત્મા જ છે; અને તેના ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી; માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્ય મૂર્તિ–જ્ઞાનીરૂપ પરમાત્માની–ને નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના અંત સુધી એક લયે આરાધવી, એવો શાસ્ત્રલક્ષ છે. પરમાત્મા આ દેહધારીરૂપે થયો છે એમ જ જ્ઞાનીપુરૂષ પ્રત્યે જીવને બુદ્ધિ થયે ભક્તિ ઊગે છે.

–(પત્રાંક : ૨૨૩, પૃ૦ ૨૭૬, વર્ષ ૨૪ મું)

*

સત્પુરૂષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે; અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે; જેથી સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે અને પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે. એ 'પરમ દૈન્યત્વ' જ્યાં સુધી આવરિત રહ્યું છે ત્યાં સુધી જીવનની જોગ્યતા પ્રતિબંધયુક્ત હોય છે.

–(પત્રાંક : ૨૫૪, પૃ૦ ૨૮૯, વર્ષ ૨૪ મું)

*

પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;
પિછે લાગ સત્પુરૂષ કે, તો સબ બંધન તોડ.

–(પત્રાંક : ૨૫૮, પૃ૦ ૨૯૨, વર્ષ ૨૪ મું)

*

ચમત્કાર બતાવી યોગને સિદ્ધ કરવો, એ યોગીનું લક્ષણ નથી. સર્વોત્તમ યોગી તો એ છે કે સર્વ પ્રકારની સ્પૃહાથી રહિતપણે સત્યમાં કેવળ અનન્ય નિષ્ઠાએ જે સર્વ પ્રકારે 'સત્' જ આચરે છે, જગત જેને વિસ્મૃત થયું છે.

–(પત્રાંક : ૨૬૦, પૃ૦ ૨૯૩, વર્ષ ૨૪ મું)

*

અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરૂ સંતને, મૂક્યું નહિ અભિમાન.
સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક.

–(પત્રાંક : ૨૬૪, પૃ૦ ૨૯૬, વર્ષ ૨૪ મું)

*

અબ કયોં ન બિચારત હૈ મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસેં ?

બિન સદ્ગુરૂ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાત કહે?

–(પત્રાંક : ૨૬૫, પૃ૦ ૨૯૬, વર્ષ ૨૪ મું)

*

અનંતકાળ થયાં સ્વરૂપનું વિસ્મરણ હોવાથી અન્ય ભાવ જીવને સાધારણ થઈ ગયો છે. દીર્ઘકાળ સુધી સત્સંગમાં રહી બોધભૂમિકાનું સેવન થવાથી તે વિસ્મરણ અને અન્યભાવની સાધારણતા ટળે છે; અર્થાત્ અન્યભાવથી ઉદાસીનપણું પ્રાપ્ત હોય છે.

–(પત્રાંક : ૩૧૯, પૃ૦ ૩૧૩, વર્ષ ૨૫ મું)

*

સમ્યક્પ્રકારે જ્ઞાનીને વિષે અખંડ વિશ્વાસ રાખવાનું ફળ નિશ્ચયે મુક્તપણું છે.

–(પત્રાંક : ૩૨૨, પૃ૦ ૩૧૪, વર્ષ ૨૫ મું)

*

એક મોટી નિશ્ચયની વાર્તા તો મુમુક્ષુ જીવે એ જ કરવી યોગ્ય છે કે સત્સંગ જેવું કલ્યાણનું કોઈ બળવાન કારણ નથી, અને તે સત્સંગમાં નિરંતર સમય સમય નિવાસ ઈચ્છાવો, અસત્સંગનું ક્ષણે ક્ષણે વિપરિણામ વિચારવું, એ શ્રેયરૂપ છે. બહુ બહુ કરીને આ વાર્તા અનુભવમાં આણવા જેવી છે.

–(પત્રાંક : ૩૭૫, પૃ૦ ૩૩૨, વર્ષ ૨૫ મું)

*

જ્ઞાનીપુરૂષની અવજ્ઞા બોલવી તથા તેવા પ્રકારના પ્રસંગમાં ઉજમાળ થવું, એ જીવનું અનંત સંસાર વધવાનું કારણ છે, એમ તીર્થંકર કહે છે. તે પુરૂષના ગુણગ્રામ કરવા, તે પ્રસંગમાં ઉજમાળ થવું, અને તેની આજ્ઞામાં સરળ પરિણામે પરમ ઉપયોગદ્રષ્ટિએ વર્તવું, એ અનંત સંસારને નાશ કરનારૂં તીર્થંકર કહે છે.

–(પત્રાંક : ૩૯૭, પૃ૦ ૩૪૩, વર્ષ ૨૫ મું)

*

જ્ઞાની પુરુષોનો તેવો તેવો સંગ જીવને અનંત કાળમાં ઘણી વાર થઈ ગયો છે, તથાપિ આ પુરૂષ જ્ઞાની છે, માટે હવે તેનો આશ્રય ગ્રહણ કરવો એ જ કર્ત્તવ્ય છે, એમ જીવને આવ્યું નથી; અને તે જ કારણ જીવને પરિભ્રમણનું થયું છે, એમ અમને તો દ્રઢ કરીને લાગે છે.

જ્ઞાનીપુરૂષનું ઓળખાણ નહીં થવામાં ઘણું કરીને જીવના ત્રણ મોટા દોષ જાણીએ છીએ. એક તો 'હું જાણું છું.', 'હું સમજું છું' એવા પ્રકારનું જે માન જીવને

રહ્યા કરે છે તે માન. બીજું પરિગ્રહાદિકને વિષે જ્ઞાનીપુરૂષ પર રાગ કરતાં પણ વિશેષ રાગ. ત્રીજું, લોકભયને લીધે, અપકીર્તિભયને લીધે, અને અપમાનભયને લીધે જ્ઞાની વિમુખ રહેવું, તેના પ્રત્યે જેવું વિનયાન્વિત થવું જોઈએ તેવું ન થવું. એ ત્રણ કારણો જીવને જ્ઞાનીથી અજાણ્યો રાખે છે; જ્ઞાનીને વિષે પોતા સમાન કલ્પના રહ્યા કરે છે; પોતાની કલ્પના પ્રમાણે જ્ઞાનીના વિચારનું, શાસ્ત્રનું તોલન કરવામાં આવે છે; થોડું પણ ગ્રંથસંબંધી વાંચનાદિ જ્ઞાન મળવાથી ઘણા પ્રકારે તે દર્શાવવાની જીવને ઈચ્છા રહ્યા કરે છે. એ વગેરે જે દોષ તે ઉપર જણાવ્યા એવા જે ત્રણ દોષ તેને વિષે સમાય છે અને એ ત્રણે દોષનું ઉપાદાનકારણ એવો તો એક 'સ્વચ્છંદ' નામનો મહા દોષ છે; અને તેનું નિમિત્તકારણ અસત્સંગ છે.

–(પત્રાંક : ૪૧૬, પૃ૦ ૩૫૭, વર્ષ ૨૫ મું)

*

**કરુણાસાગર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની ૯૧મી જન્મ જયંતી પ્રસંગે**

**ધાર્મિક કાર્યક્રમ**

મુમુક્ષુજીવોના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની આગામી ૯૧મી જન્મ જયંતી માગશર સુદ-૪, તા. ૧૬-૧૨-૨૦૨૩ થી માગશર સુદ-૮, તા. ૨૦-૧૨-૨૦૨૩ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે. આ પ્રસંગે મંડલ વિધાન પૂજન, પૂજ્ય ભાઈશ્રીનાં ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડીયો સી.ડી. તત્ત્વચર્ચા, ભક્તિ, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવશે. તથા તા. ૧૯-૧૨-૨૦૨૩ના દિવસે જિનેન્દ્ર રથયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવશે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુએ ટ્રસ્ટના કાર્યાલયમાં અગાઉથી સૂચના આપવા વિનંતી છે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.


**સંપર્કઃ શ્રી રાજેન્દ્રભાઈ જૈન, મો. ૯૮૨૫૧૫૫૦૬૬**

**કાર્યક્રમ સ્થળ : 'શ્રી શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર' પ્લોટ નં. ૧૯૪૨બી, શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૧**

## આભાર

**'સ્વાનુભૂતિપ્રકાશ' (નવેમ્બર-૨૦૨૩, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ**
**શ્રીમતી નલિનીબહેન ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર**
**તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે,**
**જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.**

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા 'સ્વાનુભૂતિદર્શન'



પ્રશ્ન :– શ્રીમદ્જીમાં આવે છે કે જ્ઞાની પ્રત્યે જેને પરમાત્મબુદ્ધિ આવે છે તેને સર્વ મુમુક્ષુ પ્રત્યે દાસત્વભાવ આવે છે. તો ત્યાં તેઓ શું કહેવા માગે છે?

સમાધાન :– મુમુક્ષુને સત્પુરુષ-કે જે સર્વોત્કૃષ્ટ માર્ગ બતાવી રહ્યા છે અને સાધના કરી રહ્યા છે તેના પર પરમેશ્વર બુદ્ધિ આવે છે. એટલે કે તે જ મારે સર્વસ્વ છે એમ માને છે અને તેને બીજા મુમુક્ષુ જીવો પ્રત્યે દાસત્વપણું એટલે કે ગુણગ્રાહી દૃષ્ટિ થઈ જાય છે. તે કોઈના દોષ જોતો નથી, પણ તેને બધાનું દાસત્વ છે અર્થાત્ કોઈથી હું ઊંચો છું એવી દૃષ્ટિ નથી, પરંતુ નમ્રતાના ભાવ આવી જાય છે.

આત્માર્થીપણાનું લક્ષણ છે કે હું કોઈથી ઊંચો છું તેવો વિચાર છૂટી જાય ને બધાનું દાસત્વપણું આવી જાય. તેને એટલી બધી નમ્રતા આવી જાય છે કે પોતાનું અહંપણું ને કઠોરતા છૂટી જાય છે, પણ તેને પરીક્ષાબુદ્ધિ હોય છે. જ્યાં સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ હોય ત્યાં જ તેની અર્પણતા હોય છે; પરંતુ જે સાચું સમજતા ન હોય, જેની વિપરીત બુદ્ધિ હોય ને જેના ખોટા આગ્રહ હોય તેના પ્રત્યે દાસત્વપણું ન હોય. છતાં પણ પોતાને ક્યાંય અભિમાન ન થાય, પોતે ક્યાંય અભિમાનથી વર્તતો ન હોય.–એવી જાતનું દાસત્વ હોય છે. તે પોતાનું માન નથી રાખતો કે મારામાં આમ છે અર્થાત્ હું મોટો છું એમ પોતાનું માન છૂટી જાય છે, પોતાને નુકસાન થાય એવી જાતનું અહંપણું છૂટી જાય છે. કોઈ ખોટા આગ્રહવાળા હોય, કુદેવ-ગુરુ હોય તે બધાને જેમ છે તેમ જાણે છે; પણ પોતે અહંપણું રાખતો નથી. તેને બધામાં વિવેક છે, પણ તેનો અર્થ એવો નથી કે તે બધે નમસ્કાર કરે છે. છતાં તેને અહંપણું છૂટી જાય છે. મારામાં આ ગુણ તો છે ને? એવો તેને અહં ન હોય, પણ મારે હજી ઘણું કરવાનું છે એવી નમ્રતા હોય. દ્રવ્ય અપેક્ષાએ સિદ્ધ ભગવાન જેવો છું, પણ પર્યાયમાં પામર છું, એવી જાતની નમ્રતા અંતરમાં આવી જાય છે.–આ દાસત્વનો અર્થ છે. પર્યાયમાં હું પામર છું, મારી પર્યાયમાં ઘણી અધૂરાશ છે. મારે ઘણું કરવાનું છે એવી નમ્રતા હોય, પણ મેં આ કરી લીધું ને મારામાં આ છે એવું અહંપણું ન હોય.

દાસત્વ એટલે બધાના દાસ થઈ જવું અને બધે નમસ્કાર કરવા એવો અર્થ નથી. બીજાના દોષ જોવા કરતાં, પર્યાયમાં હું પામર છું એમ પોતાના દોષ જોવા તે આત્માર્થીનું લક્ષણ છે. બીજાને દોષબુદ્ધિથી જોવા કરતાં, તું તારા પોતામાં ક્યાં અટક્યો છો અને તારામાં શું ખામી છે તેને તું જો. બીજાના દોષ જોવામાં તું અટકીશ નહિ. 'જગતને રૂડું દેખાડવા પ્રયત્ન કર્યો, પણ તું પોતે રૂડો થયો નહિ'. એવું શ્રીમદ્માં આવે છે. જગતને રૂડું દેખાડવા પ્રયત્ન કર્યો, પણ તું પોતે અંદર રૂડો થયો છે કે નહિ? તે તારે અંતરમાં જોવાનું છે. તારે પોતાને અંદરમાં ગુણ પ્રગટાવવાના છે, અંતરમાં શુદ્ધિ કરવાની છે. દ્રવ્યને ઓળખીને અંદરથી જિજ્ઞાસા ને લગની લગાડીને આત્મા તરફ તારું વલણ કેટલું થાય છે તેની ઉપાદાનની તૈયારી કરવાની છે. શ્રીમદ્જીના આ વાક્યની અંદરમાં ગૂઢતા ભરી છે. ગુરુદેવના પ્રતાપે સ્પષ્ટતા થઈ છે. ગુરુદેવે સમયસાર આદિ શાસ્ત્રોના ને આત્માનાં-વસ્તુસ્વરૂપનાં રહસ્યો ખોલ્યાં છે. શ્રીમદ્ના કથનનાં રહસ્યો પણ ગુરુદેવે ખોલ્યાં છે. ગુરુદેવે સૂક્ષ્મ-સૂક્ષ્મ કરીને બધાં રહસ્યો ખોલ્યાં છે એટલે બધું ચોખ્ખું થઈ ગયું છે. ૬૫૨.



## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી ‘આત્મા કઈ રીતે પ્રાપ્ત થાય’ સંબંધિત પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

પોતાના ત્રિકાળી અસ્તિત્વમાં અહંપણું થવાથી પર્યાયબુદ્ધિ છૂટી જાય છે. (૨૫)

*

પ્રશ્ન : શરૂઆતવાળાએ અનુભવનો પ્રયત્ન કઈ રીતે કરવો ?

ઉત્તર : હું પરિણામમાત્ર નથી, ત્રિકાળી ધ્રુવપણામાં અહંપણું સ્થાપી દેવું તે જ ઉપાય છે. (૭૦)

*

A L$S>d põV$ L$i(master key) છે, બધી વાતોમાં, બધા શાસ્ત્રોમાં એક જ સાર છે. ત્રિકાલીપણામાં અહંપણું જોડી દેવાનું છે. (૯૦)

*

(‘આત્મપ્રાપ્તિ કેમ થાય’ આ વિષયમાં જિજ્ઞાસાપૂર્વક પૂછેલા પ્રશ્નનો આ વિસ્તૃત ઉત્તર છે :)

રુચિમાં ખરેખર પોતાની જરૂરત લાગે, ત્યારે પોતાની વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે નહિ. ચોવીસ કલાક ચિંતનમાંવગરચિંતનમાં એક આ જ (સ્વરૂપનું ઘોલન) ચાલતું રહે. જે વિષયની રુચિ હોય છે, તે વિષય, સેંકડો બાહ્યકાર્ય કરવા છતાં પણ, ચાલુ જ રહે છે. બહારનો ઉપયોગ ઉપર ઉપર ચાલે છે તેમાં જાગૃતિ હોતી નથી. જે વિષયની રુચિ હોય છે તેમાં જ જાગૃતિ રહે છે. સેંકડો કાર્ય કરતા રહેવા છતાં પણ, તે બધાની ગૌણતા જ રહ્યા કરે છે અને રુચિનો વિષય જ મુખ્ય રહે છે.

વિકલ્પાત્મક વિચારમાં પણ, શરીરાકાર ચૈતન્યમૂર્તિને ટાંકી દો. ‘હું તો આ જ છું.’ સુખ–દુઃખની જે કાંઈ પર્યાય થાય તેની ઉપેક્ષા રાખો. ‘હું તો આ જ છું.’ વિચાર ચાલે, તેની પણ ગૌણતા રાખો. ‘હું તો એવો ને એવો ચૈતન્યમૂર્તિ છું.’ બસ આ જ દ્રઢતા કરતા રહો.

સાંભળવું, શાસ્ત્ર વાંચવું વગેરે બધાની ગૌણતા થવી જોઈએ. એકાંતનો વધુ અભ્યાસ રહેવો જોઈએ. (જેથી સ્વરૂપઘોલન વધે.)

આ (સમ્યક્ત્વ) પ્રાપ્ત ન થયું તો જીવ નિગોદમાં ચાલ્યો જશે. એમ નિગોદના ભયથી પોતાનું કાર્ય કરવા ચાહે, (જે યથાર્થ નથી.) પરંતુ (અભિપ્રાયમાં) નિગોદની અવસ્થા હો અથવા સિદ્ધની, મારો કાંઈ બગાડ–સુધાર નથી (હું અવસ્થારૂપ નથી) એવી હું અચલિત વસ્તુ છું – એવી શ્રદ્ધા જામી જવી જોઈએ. પર્યાય ગમે તેવી હો, તેની ઉપેક્ષા જ રહેવી જોઈએ.


પરદ્રવ્યની સાથે તો કાંઈ સંબંધ જ નથી. એટલો આ વાતનો તો પક્ષ હોવો જોઈએ પછી વસ્તુ (ત્રિકાળી ધ્રુવ) અને પરિણામ (ઉત્પાદ–વ્યય) એ બે વચ્ચેના વિચારમાં જ બધો સમય લગાવી દેવો. ચોવીસે કલાક બસ આ જ (સ્વરૂપનું ઘૂંટણ) ચાલવું જોઈએ. પ્રવૃત્તિભાવને ગૌણ કરીને આ જ એકની મુખ્યતા હોવી જોઈએ. આ જ પ્રયાસ નિરંતર ચાલવો જોઈએ. (૨૫૦)

*

# 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમહિમાનો પ્રસંગ....

...'ગુરુદેવે' તો ઘણો મહિમા કર્યો છે એમાં કાંઈ સવાલ જ નથી. એટલે ખરેખર કે અધ્યાત્મની પરાકાષ્ઠા શું ? કે આત્મા આશ્રય લે એવી મોક્ષમાર્ગની વાત એમના વચનોમાં રહેલી છે. અને એ મેં સીધું પૂછેલું છે. 'ગુરુદેવ'ને તો મેં સીધું પૂછેલું છે. અને બહુ જ ઉલ્લાસથી એ વાત 'ગુરુદેવે' સંમત કરેલી છે કે ખરેખર એમ જ છે કે 'શ્રીમદ્જી'ના વચનામૃતમાં મોક્ષમાર્ગ અખંડપણે રહેલો છે. મેં શબ્દ તો એ વાપર્યો હતો. હું એ શબ્દ નથી ભૂલ્યો. અખંડ મોક્ષમાર્ગ એમાં રહ્યો છે કે નથી રહ્યો ? (તો કહ્યું), એમ જ છે. અખંડ મોક્ષમાર્ગ એમાં રહેલો છે. બસ, વાત ખલાસ થઈ જાય છે. જ્યારે અખંડ મોક્ષમાર્ગ એમાં રહ્યો છે તો એ શાસ્ત્ર છે એ આગમ છે, એ વંદનીય છે, એ પૂજનીય છે. આત્માનું જેને કલ્યાણ કરવું હોય તેને.....

...'સોનગઢ'માં પણ બહુમાન કરેલું છે એ ગ્રંથનું અને એને ચાંદીથી મઢાવેલું છે. 'સોનગઢ'માં આજે પણ એ હજી વિદ્યમાન (છે), પણ એ ખુલ્લામાં નથી. પહેલા ખુલ્લામાં રહેતું હતું. મારો પ્રવેશ હતો ત્યારે તો એ ખુલ્લામાં દર્શન કરવા માટે રહેતું હતું. કાચનું **case** કરેલું હતું એના ઉપર. કાચના **case** માં બન્ને ગ્રંથો રાખવામાં આવતા હતા. બે ભાગ કરીને ચાંદીમાં મઢેલા છે. એટલું બહુમાન કરેલું છે.




આપણે હજી ચાંદીમાં મઢાવાનું બાકી છે. 'ગુરુદેવે' તો મઢાવ્યું છે.

(રાજહૃદય ભાગ-૧૯, પ્ર. નં-૪૧૮)



... તત્પશ્ચાત એમની ભાવનાના ફલસ્વરૂપે શ્રી દિગંબર જૈન મંદિર, ભાવનગરમાં 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથને ચાંદીમાં મઢાવી બિરાજમાન કરતાં પૂજ્ય ભાઈશ્રી...

*REGISTERED NO. : BVHO - 261 / 2021-2023*
*RENEWED UPTO : 31/12/2023*
*R.N.I. NO. : 69847/98*
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

## 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'




## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

Printed Edition :
Visit us at : http://www.satshrut.org